
# શ્રધ્ધા અને જીવન

જીવન સરગમ
બિન્દુબેન કચરા



શાળાએ જતી પ્રિયાંશી કહી રહી છે આ શું રોજ રોજ પ્રાર્થના કરવાની? અમારા ઘરમાં દાદાદાદી રોજ મંદિરે જાય. દર્શન, પૂજા, પ્રાર્થના કરે, મંદિરમાં કલાકોના કલાકો બેસી રહે અને હવે તો સવાર, સાંજ, બપોર બસ મંદિર અને કથાશ્રવણ કારણ ચાતુર્માસ બેસી ગયો. વ્રત, જપ, તપ, ચાર મહિના એવા ભક્તિમાં તરબોળ રહેશે કે ઘરમાં તો તેઓ રહેશે જ નહીં.

પ્રિયાંશીની સખી દેવાંશી કહે- ‘‘મારા પપ્પા કહે છે, ભગવાન છે જ નહિ, આ દેવદર્શન બધું તૂત છે. નવરા લોકોના ધંધા છે.’’ કેટલાંક લોકો કહે છે કે ભગવાનમાં શ્રદ્ધા છે પણ તેથી રોજ દર્શન કરવા જવાનું ફાવતું નથી, ધર્મના બાહ્ય આંડબરથી વિમુખ થવાની સાથે સાથે તે લોકો પ્રાર્થનાના હાર્દને ભૂલી જાય છે. એ ચિંતાજનક બાબત છે. પ્રાર્થના રૂપે ગવાતાં ભજનો અને ભક્તિગીતો દ્વારા આપણે પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા મજબૂત કરીએ છીએ અને તેનાથી આપણને તાકાત મળે છે. આશાવાદી બનીએ છીએ અને જીવનમાં આવી પડેલી તકલીફો સામે લડી લઈએ છીએ.

દિવસના ગમે તે સમયે, ગમે તે સ્થળે ઈશ્વરને યાદ કરવાથી આપણામાં અદભુત બળનો સંચાર થાય છે. શ્રદ્ધા એ જીવનનો શ્વાસ છે. શ્રદ્ધા વિના સિદ્ધિ નથી. દુનિયાના બધા ધર્મો શ્રદ્ધાના આધારે જ ટકી રહ્યા છે, શ્રદ્ધાવાન મનુષ્યને સર્વત્ર દિવ્યતાના જ દર્શન થાય છે. શ્રદ્ધા એટલે વિશ્વાસ- આસ્થા, ખાતરી. શ્રધ્ધાના મૂળમાં સત્ય રહેલું છે.

શ્રધ્ધામાં જ્યારે ભક્તિભાવ ભળે છે, ત્યારે એ તેના ઈષ્ટનો ભગત બની જતો હોય છે. ગુજરાતી સાહિત્યમાં નરસિંહ અને મીરાંની કૃષ્ણભક્તિ તેનું સર્વોત્તમ ઉદાહરણ છે. રાણાએ મોકલેલ ઝેરનો પ્યાલો અમૃતરસ માની પી જાય છે, ટોપલામાં ઝેરી સાપ ભરીને મોકલ્યા- મીરાંબાઈએ ગિરિધરમાં શ્રદ્ધા રાખી પ્રભુના હાર જ હશે, એમ માની ટોપલો ખોલ્યો તો ખરેખર જ હાર નીકળ્યા.‘મેરો તો ગિરિધર ગોપાલ દુસરા ન કોઈ’, શ્રદ્ધા ધર્મ અને કર્મને દ્દઢ બનાવે છે. શ્રદ્ધાવાન તરે છે અને શ્રદ્ધાવિહોણા ડૂબે છે. નરસિંહ મહેતાને તેના શામળિયામાં કેટલી શ્રદ્ધા હતી. ‘કુંવરબાઈનું મામેરું’ કરતી વખતે ખાલી છાબ લઈને બેસી ગયા અને...કરશે મારો શામળિયો આ શ્રધ્ધા ફળી અને કુંવરબાઈના મામેરાંમાં રંગેચંગે બધાં દેવદેવીઓ પધાર્યાં.

**શ્રદ્ધાને કારણે ચાર ગુણો જન્મે છે. જેમાં એક છે આત્મશ્રધ્ધા- પ્રતિબદ્ધતા-વિવેક અને અભય. આત્મશ્રદ્ધા અને પ્રભુશ્રદ્ધા એ માનવરથનાં બે પૈંડાં છે. વ્યક્તિએ પ્રથમ જાત પર ભરોસો મૂકવો પડે. ખુદ પર ભરોસો હોય તો ખુદાનો સાક્ષાત્કાર થાય. અઘરું કામ સહેલાઈથી સફળ બનાવી શકાય**

ભાગવત પુરાણમાં નરસિંહ કથાનકમાં હિરણ્યકશ્યપ ભગવાનમાં શ્રદ્ધા ધરાવતા ન હતા. તેમનો પુત્ર પ્રહલાદ ભગવાનનો ભક્ત હતો. પ્રહલાદના પિતાએ પ્રહલાદને મારી નાખવા અનેક પ્રયત્નો કર્યા પણ તે પોતાના શ્રધ્ધાના જોરે બચી ગયો. એકલવ્યની ગુરુભક્તિ શ્રધ્ધા પર આધારિત હતી. ડૉક્ટર અને દર્દીના સંબંધ પણ શ્રધ્ધાના બળે જ ટકી રહે છે. શ્રદ્ધામાં વિવેક અને સંયમ પણ રાખવા જરૂરી છે. વધુ પડતી શ્રદ્ધા કે વિશ્વાસ મૂકવામાં જીવનમાં કોઈ વાર પસ્તાવાનો વારો પણ આવે છે.

દેવમંદિરમાં યાંત્રિક રીતે જવાથી શું વળે? પ્રભુ પ્રત્યે પોતાના ભાવ ઉત્પન્ન કરવા -શ્રદ્ધા આરોપિત કરવા બાળકને શાંતિથી પ્રેરિત કરવા પડે. મનની કેળવણી આપવી પડે. સાત્ત્વિક ભાવ જાગે, એક પ્રકારની જાગૃતિ આવવી જોઈએ.

હું એક ફેમિલીને બરાબર ઓળખું છું. સવારના પહોરથી આ મંદિર ને પેલું મંદિર. છોકરાંઓને સ્કૂલે જવાનો સમય થાય તો પણ તેઓ ઘરમાં હાજર હોય નહિ. એમનાં દીકરાદીકરીને ઊઠે એટલે એક જ વાત કરતાં હોય- પહેલા દર્શન કરી આવો પછી જ ચા મળશે! ભગવાનનું મોં જોયા પહેલાં મોંમાં કંઈ નંખાઈ નહિ! બિચારાં બાળકોને અડધા દિવસ સ્કૂલે જવાનું મોડું થાય- સ્કૂલમાં પનિશમેન્ટ થાય.

આપણામાં કરુણા દ્રષ્ટિ ખીલે, મોહમાયા, આસક્તિનો નાશ થાય, મલિનતા દૂર થાય એવી ભાવના સાથે પ્રભુના દર્શન કરવા જઈએ તો કંઈ પામીએ...

ઉષાબેન અને ઉપેનભાઈના વડીલોને ઈશ્વરમાં અસીમ શ્રદ્ધા હતી પણ દેવદર્શન માટે દોડાદોડી નહીં. એમના ઘરે કોઈ ધાર્મિક અનુષ્ઠાન થતાં નહીં. શુકન, મુહૂર્ત જોવાતાં નહીં. તેઓ કહેતાં ક્ષણે ક્ષણ શુભ જ છે. ઈશ્વરમાં શ્રદ્ધા રાખો. તમારા મનમાં શ્રદ્ધા રાખો અને માત્ર તમારું જ નહીં, પ્રાણીમાત્રનું શુભ ઈચ્છો. સમસ્ત જગતનું કલ્યાણ વાંછો, નીતિને માર્ગે ચાલીએ, પુરુષાર્થથી જીવીએ. ઈશ્વર પાસે ચીજવસ્તુની માંગણી નહિ પણ એક જ પ્રાર્થના ... હે પ્રભુ! મને સારી બુદ્ધિ, સારી સમજ આપ પછી જુઓ પ્રભુની મહેર! મર્યા પછી ઉપર સ્વર્ગ અને નરક નથી- અહીં પૃથ્વી પર જ સ્વર્ગ છે. એ સ્વર્ગ તમે પોતાના ઘરમાં વસાવી શકો છો. શરત માત્ર એક જ સૌને શાતા મળે એવું જીવન જીવો! એમાં જ વ્રત-જપ-તપ-કથાનો સાર આવી જાય છે.

શ્રદ્ધાને કારણે ચાર ગુણો જન્મે છે. જેમાં એક છે આત્મશ્રધ્ધા- પ્રતિબદ્ધતા-વિવેક અને અભય. આત્મશ્રદ્ધા અને પ્રભુશ્રદ્ધા એ માનવરથનાં બે પૈંડાં છે. વ્યક્તિએ પ્રથમ જાત પર ભરોસો મૂકવો પડે. ખુદ પર ભરોસો હોય તો ખુદાનો સાક્ષાત્કાર થાય. અઘરું કામ સહેલાઈથી સફળ બનાવી શકાય. મનનાં મનોબળના મહારથી સિકંદરને યાદ કરીએ. મહાત્મા ગાંધીજીને યાદ કરીએ. જેના સામ્રાજ્યનો સૂરજ કદાપિ આથમતો ન હતો એવી બ્રિટિશ સલ્તનતની સામે માથું ઊંચક્યું, હથિયાર હતાં સત્ય અને અહિંસા પણ મનમાં આત્મશ્રદ્ધા જબરી હતી. પરિણામે આપણા જેવા જ હાડચામના બનેલા માનવ અંગ્રેજોને હટાવી સ્વરાજ્ય મેળવી જંપ્યા, નેપોલિયન બોનાપાર્ટ સામે આખું યુરોપ ખડું થઈ ગયું હતું પણ એમની આત્મશ્રદ્ધા હિમાલય જેવી અડગ હતી. તેમણે કહ્યું- ‘‘મારા શબ્દકોશમાં અશક્ય જેવો કોઈ શબ્દ નથી. રમણલાલ સોનીની બાળકવિતા યાદ કરીએ. પેલા ઈડરના વાણિયાએ પણ ચાર ચોરને એકલા હાથે ભગાડવામાં આ આત્મશ્રધ્ધાનો જ ઉપયોગ કર્યો હતો ને?

‘નથી અલ્યા હું એકલો, સાથી મારે બાર’, ધૂળાના દશ સાથીઓમાં બે હાથ, બે પગ, બે આંખો અને કોથળાનાં ચાર કાટલા હતાં અને સાચા સાથી તો હિંમત અને વિશ્વાસ એ બે હતા. સતી સાવિત્રી આત્મશ્રદ્ધાના બળે સત્યવાનને યમના દ્વારેથી પાછી લઈ આવી. સીતાએ આત્મશ્રદ્ધાના બળે અગ્નિપરીક્ષા આપી. વિનોબા ભાવેએ આત્મશ્રદ્ધાથી ચંબલના ડાકુના મન પરિવર્તન કર્યાં. અનેક અપંગ માણસોએ પણ આત્મશ્રદ્ધાના બળે જ સિધ્ધિ હાંસલ કરી છે. હેલન કેલર અંધ અને બહેરા હતાં છતાં આત્મશ્રદ્ધાના બળે જે સેવા કરી તે બેનમૂન હતી. આત્માની શક્તિ પર શ્રદ્ધા રાખો.

તો વાચકમિત્રો! ‘આત્માની શક્તિ પર શ્રદ્ધા રાખે તેનો બેડો પાર’ શ્રદ્ધામાં શાંતિ છે. આત્મશ્રધ્ધામાં વિશ્વાસ છે. યાદ રાખી જીવન ઉજ્વલિત કરીએ.

મા-બાપ અને શિક્ષકે બાળકમાં શ્રધ્ધાનું સિંચન કરવું જ રહ્યું, બાળકમાં શ્રદ્ધાનાં સંસ્કારોના પાયા પર સાચી ધાર્મિકતાની ઈમારત ચણાય તો ખોટા તણાવ દૂર થશે. આપણે બાળકના ઈશ્વર સંબંધી બધા પ્રશ્નોના જવાબ આપીને તેના મનનું સમાધાન કરવું જોઈએ- ઈશ્વરમાં શ્રદ્ધા તો બહુ મોટી તાકત છે. ઈશ્વર સાથે વાતચીત એ જ પ્રાર્થના, શ્રદ્ધા એટલે પરમેશ્વરમાં શ્રધ્ધા, મારી પોતાની જાતમાં શ્રધ્ધા- સમગ્ર માનવજાતમાં શ્રદ્ધા.

## સુવર્ણરજ

મંગલ તેમ જ અમંગલ ભાસતી બધી જ ઘટનાઓ પાછળ પ્રભુનો હાથ છે. એવો દ્દઢ વિશ્વાસ નિર્માણ થાય તો પ્રત્યેક ઘટના મંગલમય જ લાગે.

